# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૧૬/૦૨/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

# ઉદ્યોગ – ૨૦૧૦નું ઉદ્દઘાટન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે થશે.

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું એક પ્રતિનિધિ મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાની અઘ્યક્ષતામાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ઉદ્યોગ–૨૦૧૦ પ્રદર્શનના ઉદઘાટન માટે આમંત્રીત કરવા આજરોજ ગાંધીનગર મુલાકાતે ગયું હતું. આ પ્રતિનિધિ મંડળમાં પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાની સાથે ગુજરાત રાજયના પંચાયત મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, ચેમ્બરના ભૂ.પૂ. પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા, સેક્રેટરી જનરલ શ્રી જે.પી. સાઈગલ પણ જોડાયા હતા.

'સ્વર્ણિમ ગુજરાત – વિકાસની નવી ક્ષિતિજો' વર્ષ દરમિયાન આ પ્રદર્શન ચેમ્બરના મહત્વકાંક્ષી પ્રોજેકટ 'સુરત ઈન્ટરનેશનલ અકિઝબીશન સેન્ટર' સરસાણા ખાતે ૧,૧૬,૦૦૦ સ્કવેર ફૂટના એકપણ પીલર વિનાના એરકન્ડીશન્ડ એકિઝબીશન સેન્ટરમાં યોજાઈ રહયુ છે.

ચેમ્બર ધ્વારા તા. ૧૨/૦૩/૨૦૧૦ થી ૧૬/૦૩/૨૦૧૦ દરમિયાન યોજાનાર 'ઉદ્યોગ–૨૦૧૦'નું ઉદ્દઘાટન તેમજ સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર'નું લોકાર્પણ તા. ૧૨/૦૩/૨૦૧૦ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે થશે.